ગાંધીનગરથી દર પહેલી અને સોળમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક

R.N.I. No. GUJGUJ/2014/58000

Registered under RNI No. GUJGUJ/2014/58000 Permitted to post at SRO,GANDHINAGAR-382010 on 1st & 16th date of every month under Postal Regd No G-GNR-317 issued by SSP GNR valid up to 31-12-2017

# દયાનંદ ટાઇમ્સ પાક્ષિક

Dayanand times (Fortnightly) Gandhinagar

વર્ષ : ૧ ● અંક : ૨૨ ● મુખ્ય સંપાદક : અરવિંદ રાણા ● તંત્રી : હરીશ રાણા ● તારીખ : ૧૬-૦૨-૨૦૧૫, સોમવાર R.N.I. No. GUJGUJ/2014/58000 ● કિંમત : રૂા. ૬.૦૦ ● પાના : ૪

### સ્વામી રામદેવજી દ્વારા સ્થાપિત

## આચાર્યકુલમ્, હરિદ્વાર ખાતે ડિવાઈન પાવર એક્ટિવેશનનો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન







ગાંધીનગર સ્થિત ડિવાઈન પાવર એક્ટિવેશન અકેડમી દ્વારા તાજેતરમાં જ હરિદ્વાર સ્થિત સ્વામી રામદેવજી દ્વારા સ્થાપિત આચાર્યકુલમ્ વિદ્યાલય ખાતે ડિવાઈન પાવર એક્ટિવેશનનો ૨ દિવસીય વર્કશોપ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો. આ બે દિવસીય વર્કશોપમાં મેડિટેશન-ઈમેજીનેશન તથા મ્યુઝિક થેરાપીના માધ્યમથી મસ્તિષ્કમાં રહેલી દિવ્ય શક્તિને જાગૃત કરવામાં આવી હતી.

શ્રી અરવિંદભાઈ રાણા દ્વારા વૈદિક પદ્ધતિથી આ પ્રક્રિયા કરાવવામાં આવે છે. માત્ર બે જ દિવસમાં બાળકો પોતાના મન ઉપર અધિકાર પ્રાપ્ત કરી લે છે જેનાથી તેમની એકાગ્રતામાં નોંધપાત્ર વધારો થાય છે. પરિણામ સ્વરૂપે બાળકોને અભ્યાસ કરતી વખતે વિષય તરત જ સમજમાં આવી જાય છે તથા તે લાંબા સમય સુધી યાદ રાખી શકે છે. ૭ થી ૧૪ વર્ષ સુધીના બાળકો માટે યોજાતા આ વર્કશોપમાં આશ્ચર્યજનક પરિણામો પ્રાપ્ત થયા છે. ૮૦ ટકાથી વધુ બાળકો માત્ર બે દિવસમાં આંખે પાટા બાંધી પીનીયલ ગ્લેન્ડના માધ્યમથી કલર ઓળખી શકે છે. તથા ૫૦ ટકા જેટલા બાળકો તો બીજા દિવસના અંતે અક્ષરો પણ ઓળખતા થઈ જાય છે. થોડાક દિવસના અભ્યાસ બાદ બાળકો આંખે પાટા બાંધીને સાઈકલ પણ ચલાવતા થઈ ગયા છે.

આચાર્ય સત્યજીતજીના માધ્યમથી જ્યારે સ્વામી રામદેવજીને આ વાતની જાણ થઈ ત્યારે સ્વામી રામદેવજીએ કુતુહલવશ્ શ્રી અરવિંદભાઈ રાણાને હરિદ્વાર સ્થિત આચાર્યકુલમ્‌ના ૪૦ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે આ બે દિવસીય વર્કશોપનું સંચાલન કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. સ્વામીજીના આમંત્રણને માન આપીને આચાર્યકુલમ્ ખાતે ૨૦-૨૦ વિદ્યાર્થીઓની બેચમાં બે દિવસીય પ્રશિક્ષણનો કાર્યક્રમ યોજાઈ ગયો. વિદ્યાર્થીઓના સમૂહને શ્રી અરવિંદભાઈ રાણા તથા કુ. યશ્વી રાણાએ પ્રશિક્ષણ આપ્યું હતું. જ્યારે વિદ્યાર્થીનીઓના સમૂહને શ્રીમતી નીતા રાણા તથા જય રાણા દ્વારા પ્રશિક્ષણ અપાયું હતું. બે દિવસને અંતે જ્યારે તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ આંખે પાટા બાંધીને કલરની સાથે અક્ષરો પણ ઓળખતા થઈ ગયા ત્યારે સૌને સુખદ આશ્ચર્ય થયું હતું.

શિબિર પૂર્ણ થયા બાદ સ્વામી રામદેવજી, તેમના ગુરુ પુ. સ્વામી પ્રદ્યુમ્નજી, આચાર્ય બાલકૃષ્ણજી, સ્વામી મુક્તાનંદજી, આચાર્ય સત્યજીતજી સહિત અનેક સન્યાસી ગણ, બ્રહ્મચારીગણની ઉપસ્થિતિમાં વર્કશોપમાં જોડાયેલા બાળકોએ પ્રત્યક્ષ નિદર્શન કરી સૌને આશ્ચર્યચક્તિ કરી દીધા હતા. આ પ્રસંગે ગાંધીનગરથી પ્રશિક્ષક તરીકે ઉપસ્થિત રહેલ કુ. યશ્વી રાણાએ પણ નિદર્શન કર્યું હતું. આચાર્યકુલમ્‌ના વિદ્યાર્થીઓ, સમગ્ર શૈક્ષણિક સ્ટાફ, વાનપ્રસ્થીઓ, અન્ય મુલાકાતીઓ સહિત ૮૦૦ થી વધુ લોકો સમક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું.

### ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ સંચાલિત

## આર્યવીર દળ તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમી દ્વારા કરાટેનો પદવીદાન સમારોહ યોજાયો




**આણંદ**

આણંદ ખાતે ચરોતર પ્રદેશ આર્યસમાજ દ્વારા સંચાલિત આર્યવીર દળનાં આર્યવીરો તથા વીરાંગનાઓને વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં માધ્યમથી કરાટેનું સઘન પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આર્યવીર દળની શાખામાં દર રવિવારે યજ્ઞ, આસન, પ્રાણાયામ, નૈતિક શિક્ષણની સાથે આર્યવીરોને કરાટેનું પદ્ધતિસરનું જ્ઞાન આપવામાં આવે છે. આ શાખાનાં વિદ્યાર્થીઓ તથા કરાટે અકેડમી દ્વારા ચાલતા નિયમિત વર્ગનાં વિદ્યાર્થીઓને વિવિધ પદવીઓ એનાયત કરવાનો એક કાર્યક્રમ ગત ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં રોજ યોજાઈ ગયો.

ચરોતર પ્રદેશ આર્યસમાજનાં વિશાળ હોલમાં યોજાયેલા આ પદવીદાન સમારોહ પ્રસંગે વૈદિક પ્રચારક તથા કરાટે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા ગાંધીનગરથી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. મંચ ઉપર આર્યસમાજનાં પ્રમુખ શ્રી કનકસિંહ વાઘેલા, મંત્રી શ્રી અશોકભાઈ પટેલ, આર્યવીર દળનાં સંચાલક શ્રી જિગ્નેશભાઈ ઠક્કર તથા સિનીયર કોચ શ્રી ચેતનભાઈ ફુમકીયા ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમનાં પ્રારંભમાં શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને ગુરૂનું મહત્વ સમજાવ્યું હતું. સૌથી મોટો ગુરૂ પરમાત્મા હોવાનું જણાવી તેમણે માતા-પિતા તથા આચાર્યોની આજ્ઞાનું પૂર્ણરૂપે પાલન કરવા પ્રેરણા આપી હતી. આ પ્રસંગે પોતાના આશીર્વચન આપતાં શ્રી અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે માત્ર પુસ્તકીયા જ્ઞાનને પ્રાપ્ત ન કરતાં તેની સાથે વ્યવહારિક જ્ઞાનને પણ પ્રાપ્ત કરતા રહેવું જોઈએ. તેમણે જ્ઞાન ગમે ત્યાંથી મળતું હોય તો તે મેળવી લેવા પ્રેરણા આપી હતી.

વ્યાખ્યાન બાદ ૬૩ જેટલા કરાટેવીરોને પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં શ્રી તીર્થ ઠક્કર, શ્રી રાકેશ ઠક્કર તથા કુ. તિથી ઠક્કરે પ્રોવીઝનલ બ્લેક બેલ્ટની પદ્‌વી મેળવી આર્યવીર દળ તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમીની આણંદ શાખાનું ગૌરવ વધાર્યું હતું. વૈશ્વિક પરંપરા મુજબ કરાટેની પદવી શિહાન શ્રી અરવિંદભાઈ રાણા દ્વારા પ્રદાન કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આર્યવીર દળનાં શિક્ષક તથા કરાટેનાં બ્લેક બેલ્ટ નિષ્ણાત સેનસાઈ શ્રી કમલેશ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર


### ૦૫ એપ્રિલ થી ૧૨ એપ્રિલ, ૨૦૧૫

### યોગ શિબિરમાં પ્રસ્તુત કરવામાં આવનારા મુખ્ય વિષયો

| | |
|---|---|
| ૧ ધ્યાન, જપ, પ્રાણાયામ વિધિ | ૨ શંકાઓનું સમાધાન, |
| 3 આસન-વ્યાયામ પ્રશિક્ષણ | ૪ યજ્ઞ (અગ્નિહોત્ર), વેદ પાઠ |
| ૫ વિશુદ્ધ જ્ઞાન, કર્મ, ઉપાસના | ૬ મનોનિયંત્રણ |
| ૭ યોગ દર્શનનાં સૂત્રોનું અધ્યાપન | ૮ સંસ્કૃતના મંત્ર-શ્લોકનું ઉચ્ચારણ |
| ૯ આત્મ-નિરીક્ષણ | ૧૦ દાર્શનિક આધ્યાત્મિક પ્રેરક પ્રવચન |

● શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક ધાર્મિક મહાનુભાવોએ ૨૫મી માર્ચ પહેલા આવેદન પત્ર ભરીને શિબિરના સ્થળે મોકલી આપવાનું રહેશે. ● આવેદન પત્ર ટપાલ, ફેક્સ, ઈ-મેઈલ દ્વારા મોકલી આપવાના રહેશે. ● આવેદન પત્રમાં પોતાનું નામ, ઉંમર, અભ્યાસ, વ્યવસાય, મોબાઈલ તથા ફોન નંબર, ઈ-મેઈલ ઉપરાંત અગાઉ આ પ્રકારની શિબિરમાં કેટલી વાર ભાગ લીધો છે તે તથા શિબિરમાં ભાગ લેવા પ્રેરણા આપનારનું નામ પણ અવશ્ય લખવાનું રહેશે. ● આવેદન પત્ર મળ્યા બાદ જેમને આશ્રમ દ્વારા સ્વીકૃતિ પત્ર મળે તેવા આવેદકોએ શુલ્કની રકમ રૂા. ૧૦૦૦/- કે જે માત્ર બેન્ક એકાઉન્ટમાં જ જમા કરાવવાના રહેશે.. આર્થિક કારણોસર શુલ્ક આપવામાં અસમર્થ હશે તેમને યોગ્ય સમજીને શુલ્કમાં છૂટ આપવામાં આવશે. ● શિબિરાર્થી કોઈપણ જાતના વ્યસનો ધરાવતો ન હોવો જોઈએ.

નામ : ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર ૨૦૧૫
નંબર : ૦૧૭૯૦૧૦૦૦૧૮૦૫૨
શાખા : બેન્ક ઓફ બરોડા, ધનસુરા (જી. અરવલ્લી)
IFSC No : BARB0DHANSU



### શિબિર સ્થળ

**વાનપ્રસ્થ સાધક આશ્રમ**

આર્યવન - રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા-૩૮૩૩૦૭
ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭ ૨૯૧૫૫૫,
E-mail : vaanprastharojad@gmail.com, Website : www.vaanprastharojad.org



સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્

आच्छाद्य चार्चयित्वा च श्रुतिशीलवते स्वयम् ।
आहूय दान कन्याना ब्राह्मो धर्मः प्रकीर्तितः ॥

मनुस्मृति २७ (१३)

કન્યાને યોગ્ય સુશીલ, વિદ્વાન પુરુષનો સત્કાર કરીને, કન્યાને વસ્ત્રાદિથી અલંકૃત કરીને (શણગારીને) ઉત્તમ પુરુષને બોલાવીને અર્થાત્ જેને કન્યાએ પસંદ પણ કરેલ હોય તેને કન્યા આપવી = પરણાવવી. આ 'બ્રાહ્મ વિવાહ' કહેવાય છે.

તંત્રી સ્થાનેથી....

# જો શિવરાત્રિ ન હોત તો ભારતનું નવજાગરણ કદાચ ન થાત !

ઈતિહાસના સિક્કાને શુષ્ક અને રોમાંચક એમ બે બાજુઓ હોય છે. માત્ર ઘટના અને તવારિખોનો સંગ્રહમાત્ર શુષ્ક બને પરંતુ તેમાં 'ટર્નિંગ પોઈન્ટ' બનેલી યોગાનુયોગ આકસ્મિક ઘટનાનો અભ્યાસ કરી વર્ષો લાંબા સમયફલકમાં તેમનું ચાવીરૂપ મહત્વ જુઓ તો ઈતિહાસ ખૂબ જ રસપ્રદ અને રોમાંચક બને. વિશ્વમાં બહુ મામૂલી લાગતી 'જો' અને 'તો' ની એવી અનેક ઘટનાઓ થઈ છે કે જેમણે સંસારના ઈતિહાસ અને ભૂગોને બદલી નાખ્યો.

જો મોહનદાસ કરમચંદ ગાંધી નામના સૂટેડ બૂટેડ વાણિયાને દક્ષિણ આફ્રિકામાં ડર્બન અને પ્રિટોરિયા વચ્ચે રંગભેદનો કડવો અનુભવ ન થયો હોત તો કદાચ સંસારને 'મહાત્મા ગાંધી' નામનું પાત્ર ન મળ્યું હોત. સોળમી સદીમાં ભારતના મરી પર ઈજારો ધરાવનારા ડચ સોદાગરો એ જો અંગ્રેજોને વેચાનાર મરી પર માત્ર પાંચ શિલિંગનો વધારો ન કર્યો હોત તો તેમનો ઈજારો તોડવા માટે ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું સર્જન ન થાત. જો ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં રોબર્ટ ક્લાઈવ નામનો તુમાખી, મહત્વાકાંક્ષી તથા આક્રમક ગોરો ન હોત તો ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યનો અને ૧૯૦ વર્ષ લાંબી ગુલામીનો પાયો ન નંખાત.

તે જ રીતે જો ટંકારાના મૂલશંકરે શિવરાત્રિ નું વ્રત ન રાખ્યુ હોત તો કદાચ મૂર્તિપૂજાના મૂળીયા વધુ સુદ્ઢ, સર્વવ્યાપી અને સ્થાયી બની ગયા હોત. મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ ધર્મ અને સમાજના ક્ષેત્રમાં જે સર્વાંગિણ સુધારકાર્ય કર્યું તેમાં મૂર્તિપૂજાનો વિરોધ અને સત્ય વૈદિક ઉપાસના પદ્ધતિની સ્થાપના મુખ્ય છે. આજ બાબત તેમને ભારતના મહાપુરુષો અને ધર્માચાર્યોની વચ્ચે એક અલગ અદ્વિતીય આસન પર સ્થાપિત કરે છે. દેશના લગભગ બધાજ ધર્માચાર્યોએ કોઈને કોઈ સ્વરૂપે મૂર્તિપૂજા સાથે સંધિ કરી છે. મહાત્મા કબીર અને ગુરુ નાનકદેવે એકેશ્વરવાદનો પ્રચાર કર્યો હોવા છતાં તેમના અનુગામીઓએ અવતારવાદ અને મૂર્તિપૂજાનો સ્વીકાર કરીને તે તે પંથો ને પૌરાણિકતાની મલીનતાથી રંગી દિધા. પ્રાચીન વિશ્વગુરુ આર્યજાતિને ગૌરવહીન અને ગુલામ બનાવવામાં મૂર્તિપૂજાનો ખૂબ મોટો ફાળો રહ્યો છે. મૂર્તિપૂજા અને તેની સાથે જોડાયેલા અનિષ્ટોએ વ્યક્તિને આધ્યાત્મિકની બદલે સંપૂર્ણ રીતે બાહ્ય જડ વસ્તુઓનો આશ્રિત બનાવ્યો. ઈશ્વરભક્તિ, વૈરાગ્ય, પરોપકાર, એકતા, શુદ્ધતા, ચિત્તની એકાગ્રતા, સાહસ વગેરેને સ્થાને બાહ્યઉપચાર, કર્મકાંડ, તીલક-માળા, દિનવિશેષમાં ખાદ્યવિશેષનું સેવન, વિચિત્ર અને ભિન્ન ભિન્ન ઉપાસના પદ્ધતિ, કાલ્પનિક અને અસંભવ અવતારો અને માન્યતાઓ, ભાગ્યભરોસે બેસી રહેવું, નિર્વીર્યતા, સ્વાર્થ, છળ-કપટ વગેરેના પ્રચારના મૂળમાં મૂર્તિપૂજા જ રહેલી છે. મૂર્તિપૂજાના પાપે આજે પણ ભારતીયો, આર્યો કે હિન્દુઓ એક નથી થઈ શકતા, છતાં મૂર્તિપૂજાને જડમૂળથી ઉખાડી ફેંકવી ખૂબ કઠીન છે કેમકે તેની સાથે અસંખ્ય લોકોનો સ્વાર્થ અને આજીવિકા જોડાયેલ છે.

સ્વામી દયાનંદને મૂર્તિપૂજાનું ખંડન છોડી દેવા અનેકવાર ડર કે પ્રલોભનો બતાવાયા હતા કિન્તુ કેમણે ક્યારેય મૂર્તિપૂજાનો વિરોધ કરવાનું છોડ્યું નહીં. કેમ કે તેઓ સમજતા હતા કે આર્યો અને આર્યાવર્તના પતનનું એક મોટું કારણ મૂર્તિપૂજા છે. મૂર્તિપૂજાના પ્રતિવાદમાં સ્વામીજી એટલા નિર્ભય, અને સાહસી હતા કે જે દેવમંદિરમાં જઈને વિશ્રામ કરતા તેમાં સ્થાપિત કાલ્પનિક દેવમૂર્તિનું ખંડન કરવા ઉદ્યત થઈ જતા. તેમના બધાજ શાસ્ત્રાર્થોમાં મોટેભાગે 'મૂર્તિપૂજા વેદ વિરુદ્ધ હોવાનું પ્રતિપાદન' એજ શાસ્ત્રાર્થનો મુખ્ય વિષય રહ્યો છે. મૂર્તિપૂજાની પોકળતા તેમણે માત્ર બાર વર્ષની ઉંમરે જાણી લીધી હતી. શિવરાત્રિની મધ્યરાત્રિએ નિરવ શાંતિમાં નાનકડા ગામના નાનકડા મંદિરમાં બનેલી એ ઘટના આપણે સૌ જાણીએ છીએ. શિવરાત્રિની એ શીતળ અને અંધારીરાત્રિ ભારતમાં નવજાગરણ અને ધાર્મિક્રાંતિનું નવપ્રભાત લાવનારી બની રહી હતી અને સાચા અર્થમાં શિવ = કલ્યાણકારી રાત્રી બની ગઈ.

# ભગવાનનું શાસન ખૂબ પ્રબળ અને વ્યાપક છે તેનાથી કોઈ બચી શક્તું નથી

यस्याश्वासः प्रदिशि यस्य गावो यस्य ग्रामा विश्वे रथासः ।
यः सूर्यं य उषसं जजान यो अपां नेता स जनास इन्द्रः ॥

ऋ. २/१२/७

(अश्वासः) તીવ્ર ગતિથી ચાલનારા ઘોડાઓ, વિદ્યુત આદિ પદાર્થ (यस्य) જેના (प्रदिशि) શાસનમા છે (गावः) એક સ્થાનથી બીજા સ્થાન પર જવાની શક્તિ રાખનારી ગાયો, ઈન્દ્રિયો, કિરણો આદિ પદાર્થ (यस्य) જેના શાસનમાં છે, (ग्रामाः) એક સ્થાન પર મળીને રહેનાર ગ્રામ નગર આદિ સમુદાયની વસ્તુએં (यस्य) જેના શાસનમાં છે (विश्वे) બધા (रथासः) એક સ્થાનથી બીજા સ્થાનમા લઈ જનારા રથ આદિ સાધનો અથવા સુખ આપનારા રમણીય પદાર્થો છે (यस्य) જેના શાસનમાં છે (यः) જેણે (सूर्य) સૂર્યને (जजान) ઉત્પન્ન કર્યો છે અને (यः) જેણે (उषसं) ઉષાને ઉત્પન્ન કરેલ છે (यः) જે (अपां) જળોનું સંચાલન કરનાર છે (सः) તે (जनासः) હે મનુષ્યો ! (इन्द्रः) પરમ એશ્વર્યશાળી ભગવાન જ છે.

ભગવાનનું શાસન ખૂબ પ્રબળ છે. તેનું શાસન ખૂબ વ્યાપક છે. તેના શાસનથી કોઈપણ બચી શકતું નથી. સંસારના બધા અશ્વો તેના શાસનમાં છે. જેટલા પણ તીવ્રગામી પદાર્થો છે તે બધા અશ્વ છે. ઘોડાને અશ્વ કહેવાય છે કારણ કે તે તીવ્રગામી હોય છે. વીજળી પણ એટલા માટે અશ્વ છે કારણ કે તે તીવ્રગામી છે. આ બધા પ્રભુના શાસનમાં જ ચાલી રહ્યા છે. આમાં કોની શક્તિ છે જે પ્રભુના શાસનનું ઉલ્લંઘન કરી શકે! આ બધા બંધાઈને નિયમમાં ચાલી રહ્યા છે. આ બધાની કાર્યક્ષમતા પણ એટલા માટે છે કે તેઓ તેના શાસનમાં બંધાઈ ચાલે છે. જેણે તેના નિયમોથી ઉલ્લંઘન કર્યું તેઓ પોતાની શક્તિ-સામર્થ્ય ગુમાવી દે છે.

સંસારની બધી જ ગાયો તેના શાસનમાં છે. દૂધ આપનારી આપણી ગાયો તેના શાસનમાં છે. આપણી ઈન્દ્રિયો રુપી ગાયો પણ તેના શાસનમાં છે. પ્રકાશને પણ ઈન્દ્રિય કહેવાય છે તે પણ તેના શાસનમાં છે. આમાંથી કોઈપણ પ્રકારની ગૌ ભગવાનના શાસનનું અવરોહણ કરી ન શકે. આ બધામાં શક્તિ એટલા માટે જ છે કે તેઓ તેઓના નિયમમાં બંધાયેલા રહે છે. આપણે કેટલાક અંશે સ્વતંત્ર છે. આથી જયારે પણ આપણી સ્વતંત્રતાનો દુરુપયોગ કરીને આપણી ઈન્દ્રિયોને ભગવાનના નિયમોનું ઉલ્લંઘન કરાવીએ છીએ ત્યારે આપણી ઈન્દ્રિયો શક્તિહીન થતી જાય છે. તેના નિયમોનું ઉલ્લંઘન કરીને કોઈ શક્તિશાળી કદી બની શકતો નથી.

જેટલા પણ ગામો છે તે બધા તેના શાસનમાં સ્થિત છે. આપણા ગ્રામ-નગર આદિ એટલે ગ્રામ કહેવાય છે કે તેમાં ઘણા બધા ઘરો એકત્રિત સમુહરુપમાં રહે છે અને મનુષ્યો પણ હળી મળી સંગઠિત રહે છે. આ જ પ્રમાણે એક પથ્થર પણ પરમાણુઓનો ગ્રામ છે. એક પહાડ પથ્થરોનો ગ્રામ છે. એક જંગલ વૃક્ષોનો ગ્રામ છે. આ ધરતી માતા પહાડો, જંગલો, નગરો, સમુદ્રો, નદીઓ અને માટીનું ગ્રામ છે. આ બધા ગ્રામ ઈશ્વરના શાસનમાં ચલાયમાન છે. બધા જ તેના નિયમોથી જોડાયેલા રહે છે. આ બધાની પોતપોતાની કાર્યક્ષમતા એટલા માટે છે રહી છે કે તેઓ તેના નિયમોમાં રહે છે. કેટલાક અંશે મનુષ્ય સ્વતંત્ર હોવાના કારણે જયારે તે ગ્રામ, નગર અને દેશ પ્રભુના નિયમો પર આચરણ કરવાનું છોડી દે છે ત્યારે ગ્રામોમાં ક્ષીણતા આવવા લાગે છે, વિનાશ ચિહ્ન જોવા મળે છે. પ્રભુનો નિયમો તોડીને કોઈપણ વધુ સમય જીવી શકતો નથી.

પ્રત્યેક રથ પણ તેના શાસનમાં ગતિમાન છે. પ્રભુએ

## વેદવાણી

- આચાર્ય પ્રિયવ્રત વેદવાચસ્પતિ

પંચમહાભૂતોમાં જે નિયમ સ્થાપિત કરેલ છે તેનું ઉલ્લંઘન કરીને શું કોઈ રથ બની ચલાયમાન થઈ શકે છે ? સંસારના રમણીય પદાર્થો સુખ અને આહ્લાદ ત્યારે જ આપી શકે છે જયારે આપણે તેના નિયમોમાં બંધાયેલા રહીએ. પ્રભુએ બનાવેલ નિયમોમાં રહી આપણે પ્રત્યેક આવશ્યક પદાર્થોનો ઉપભોગ કરીએ. અનિયમિત જીવનમાંથી આનંદ ભાગી જાય છે.

ભગવાન કેટલા મહાન શક્તિશાળી છે ? તેમનામાં કેવા કેવા આશ્ચર્યજનક દિવ્ય પદાર્થ ઉત્પન્ન કરવાની શક્તિ છે ? જુઓ આ સૂર્ય કેટલો મહાન આશ્ચર્યમય દિવ્ય જયોતિ પિંડ છે ? આ તે જ પ્રભુએ ઉત્પન્ન કરેલ છે. આ સૂર્ય ૯ કરોડ ૩૦ લાખ માઈલના અંતરથી આપણે પ્રકાશ અને ઉષ્ણતા આપી આ પૃથ્વીના જીવનનું કારણ બનેલ છે. સૂર્ય ન હોય તો આ ધરતી પર પાણી રહી ન શકે, વનસ્પતિ દૃશ્યમાન ન રહે, અન્ન ઉગી ન શકે, પશુ-પક્ષી રહી ન શકે, મનુષ્યનું અસ્તિત્વ જ ન રહે. ધરતીના જીવોનું જીવન વસ્તુતઃ સૂર્ય છે. સર્વના પ્રાણો પ્રાણ સૂર્ય છે. કેવળ સૂર્ય એક ધરતીને જ જીવન નથી આપતો, પરંતુ અન્ય નવ-દસ ગ્રહો અને ઉપગ્રહો પણ જીવન પ્રાપ્ત કરી રહ્યા છે. આમાં યુરેનસ (વારુણિ) અને નેપચૂન (વરુણ) નામનો ગ્રહ પૃથ્વીથી અત્યંત દૂર છે. તેને પણ જીવન આ સૂર્ય જ આપી રહ્યો છે. આ આપણી પૃથ્વી ૨૪,૦૦૦ માઈલ ઘેરાવવાળી અને ૮,૦૦૦ માઈલ મોટી એક દડા સમાન છે. સૂર્ય આ ધરતીથી ૧૩ લાખ ગણો મોટો છે. અનુમાન તો કરો આ સૂર્યની મહત્તાનો ! ફકત આ સૂર્ય જ ચમકતો નથી, આવા અનેક અસંખ્ય સૂર્ય આકાશમાં વિચરી રહ્યા છે. આની ઝાંખી આપણને રાત્રિકાળમાં આકાશમાં જોવા મળે છે. રાત્રિમાં ચમકતા જોવા મળતા તારાઓ બધા સૂર્ય જ છે. આ બધા સૂર્યોને પ્રભુ અનાયાસ ન્યાયોચિત ઉત્પન્ન કરી દે છે અને અનાયાસ ન્યાયોચિત જ પોતાના શાસનમાં રાખે છે. કેટલા આશ્ચર્યકર્મા છે પ્રભુ ?

**પ્રાતઃકાળે પૂર્વ ક્ષિતિજમાં છંટકાવ થતી ઉષામાં કેટલી સરસતા, રમણીયતા, મધુરતા અને મનમોહકતા છે ? પૂર્વ દિશાના આકાશ પટ્ટ પર ક્યા કુશળ રચનાકારની પીંછીએ હૃદયસ્પર્શી રંગો ચિત્રિત કર્યા છે ? આ મહાન ચિત્રકાર કુશળ શિલ્પી આપણાં પ્યારા પ્રભુ જ છે.**

પ્રભુની અનહદ મનોરમ રચનામાં તેની તુલ્ય કોઈ મહાન શિલ્પી નથી. પ્રાતઃકાળે પૂર્વ ક્ષિતિજમાં છંટકાવ થતી ઉષામાં કેટલી સરસતા, રમણીયતા, મધુરતા અને મનમોહકતા છે ? પૂર્વ દિશાના આકાશ પટ્ટ પર કયા કુશળ રચનાકારની પીંછીએ હૃદયસ્પર્શી રંગો ચિત્રિત કર્યા છે ? આ મહાન ચિત્રકાર, કુશળ શિલ્પી આપણા પ્યારા પ્રભુ જ છે.

પ્રભુની પ્રભુતાનું વર્ણન આપણું મન ન કરી શકે ? તે ભગવાન 'અપાં નેતા' પણ છે. 'અપ્' અર્થાત બધા જળોનું સંચાલન ભગવાન જ કરી રહ્યો છે. પૃથ્વી માતાની છાતીમાં પાણીની ધારાઓ વહી રહી છે. સમુદ્ર સૂર્યના તાપથી તપી આકાશમાં પોતાના પાણીની વરાળ મોકલે છે. તે વાદળો બની દૂર દૂર જઈ પર્વતો, જંગલો અને ખેતરોમાં વરસી પડે છે. ઉંચા શિખરો પરથી જળની ધારાઓ ધોધ, ઝરણા કે નદી રુપે વહેતા થાય છે. આ બધા પાણીનું સંચાલન કોની મહિમાથી થઈ રહ્યું છે ? 'અપ્' નો અર્થ પ્રકૃતિ પણ થાય છે. આ પ્રકૃતિના પરમાણુઓનું સંચાલન કોણ કરે છે? પ્રલય પછી તેને ગતિ આપી આ મનોરમ સૃષ્ટિનું સર્જન કોણ કરે છે ? જવાબ એક જ છે સૃષ્ટિને અંદરથી પ્રસવિત કરનાર પરમ ઐશ્વર્યવાન તે ઈન્દ્ર જ છે, તેને તૂ ઓળખ !

(સંપૂર્ણ)

# દયાનંદે હિંદુ સમાજને કોરી ખાતા રોગોનું ચોક્કસ નિદાન કર્યું

દયાનંદે માત્ર તેર વર્ષની ઉંમરથી જ મૂર્તિપૂજાનો સદંતર ત્યાગ કર્યો હતો અને બાવીસ વર્ષની ઉંમરે તેમણે આજીવન અવિવાહિત રહેવાનો સંકલ્પ કર્યો હતો. તેઓ ૧૮ વર્ષના હતા ત્યારે જ તેમને દેહની ક્ષણભંગુરતા સમજાઈ ગઈ હતી. તેમને થયું હતું કે તેમણે મોક્ષપ્રાપ્તિ માટે સાધના કરવી જોઈએ. ઉપવાસ કરવાથી કે બીજા એવા બાહ્યાચારોથી માણસ પ્રામાણિક અને સત્યનિષ્ઠ બની શકતો નથી એ સત્ય પણ તેમને નાની વયમાં જ સમજાઈ ગયું હતું.

૨૨ વર્ષની યુવાન વયે તેમણે સંસાર ત્યાગ કર્યો અને ત્યાર બાદ સત્ય અને પરમ જ્ઞાનની ખોજમાં તેઓ ૧૭ વર્ષ સુધી ભટકતા રહ્યા. એ ગાળા દરમિયાન તેઓ મોટે ભાગે જે તપસ્વીઓ અને યોગીજનોના સંપર્કમાં આવ્યા તેમાંના કેટલાક સાચા સિદ્ધ પુરુષો હતા, જ્યારે કેટલાક ધૂર્ત હતા. ખૂબ રઝળપાટને અંતે તેઓ મથુરા પહોંચ્યા. ત્યાં અંધ મહર્ષિ વિરજાનંદને તેમણે પોતાના ગુરુપદે સ્થાપ્યા અને તેમને ચરણે બેસીને તેમણે પ્રાચીન શાસ્ત્રોનો સાંગોપાંગ અભ્યાસ કર્યો. દયાનંદ જો વિરજાનંદને ચરણે ન ગયા હોત તો તેમણે પોતાનું શેષ જીવન કઈ રીતે વિતાવ્યું હોત એ કલ્પવું મુશ્કેલ છે. તેમના ગુરુએ તેમને વૈદિક વારસાનું અખણ્ડ જતન કરવા પોતાનું સમગ્ર જીવન અર્પણ કરવાની તેમને પ્રેરણા આપી. પોતાના ગુરુની આજ્ઞા પાળવા, આત્મસમર્પણ કરવા નક્કી કરતાં પહેલાં તેઓએ થોડા સમય સુધી દ્વિધા અનુભવી હતી એ તો સહુ કોઈ જાણે છે.

દયાનંદે હિંદુ સમાજને કોરી ખાતા રોગનું ચોક્કસ રીતે નિદાન કર્યું અને તેના નિવારણનો યોગ્ય ઈલાજ હિંમતપૂર્વક સૂચવ્યો એટલું જ નહિ, પરંતુ પોતાના જીવન મારફત એ રોગ-નિવારણ માટે પ્રયાસ કર્યા એ તેમની સંપૂર્ણ દીર્ઘદષ્ટિ અને ડહાપણ બતાવે છે. તેઓ વૈદિક જીવનપદ્ધતિનો આગ્રહ રાખતા હતા એ કારણે તેઓની ટીકા કરવી સહેલી છે પરંતુ સાથો સાથ એક વાત પણ સીધી સાદી અને સાચી છે કે સંસ્કૃતિની વણઝાર વધતાં માનવજાતની સમસ્યાઓ અને દુઃખ-દર્દો વધ્યાં છે અને તેનું જીવન વધુ અટપટુ અને અનિયમિત બની ગયું છે. જીવનની ઉત્તરોત્તર વધતી જતી તૃષ્ણા અને સુખસગવડોને કારણે માણસ વધુ દંભી, સ્વાર્થી અને સંકુચિત મનનો થઈ ગયો છે. સાધારણ માણસમાં હવે સાહસવૃત્તિ ઓછી જોવા મળે છે, નિર્ભયતા ઓછી થતી જાય છે, ઉદારતા લુપ્ત થવા લાગી છે, સદ્‌ગુણોનો લોપ થતો જાય છે, અગાઉના માણસો કરતાં તેનામાં પરોપકારની અને દયાની ભાવના ઘણી ઓછી જોવા મળે છે. આથી જ આજે પણ આપણે એવા અનેક લોકો જોઈએ છીએ કે જેઓ પોતાના અતીતની વાતો કરતાં ગૌરવ અનુભવે છે પરંતુ નવા જમાનાનાં વહેણ જોઈને, અધૂરપ અને છબરડા નિહાળીને એવા લોકોના હૈયામાંથી ઊનો નિઃસાસો નીકળી જાય છે. ભૂતકાળનાં



સંભારણાં આપણને ગમે યા ન ગમે, આપણે એ માટે ગમે તેવો અણગમો દાખવીએ તો પણ એને સાવ વીસરી જઈ શકાય એમ નથી, અથવા તેની સાથેના સંબંધો તોડી શકાય એમ નથી. અત્યારના યુગમાં પણ રાજકીય નેતાઓ, શિક્ષણકારો, વિદ્વાનો, સુધારકો અને બીજા સહુ કોઈ ભૂતકાળ સંભારે છે એ તેના સમૃદ્ધ વારસાના વારિરૂપી આદર્શો અને દૃષ્ટાંતોની પ્રેરણા સીંચે છે. મહાત્મા ગાંધીએ પણ ભૂતકાળમાંથી જ પોતાના વિચારો અને આદર્શોનું ઘડતર કર્યું હતું. તેમની અહિંસા-નૈતિકતા-અપરિગ્રહ-અંતશુદ્ધિ તેમજ હેતુ-શુદ્ધિ વગેરેનાં મૂળ પ્રાચીન વાણીવ્યવહારમાં પડેલાં છે. રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, અરવિંદ ઘોષ, રમણ મહર્ષિ, લોકમાન્ય તિલક, રવિન્દ્રનાથ ઠાકુર અને મહાત્મા ગાંધીએ તમામ સંતપુરુષોએ પ્રાચીન ઋષિમુનિઓના જીવનઉપદેશોમાંથી જ પ્રેરણા ઝીલી હતી. આજે પણ તેઓ આપણી પ્રેરણામૂર્તિઓ છે જ.

આપણે એ નહિં ભૂલી શકીએ કે દયાનંદ જ્યારે વેદોની સર્વોપરીતાને બિરદાવી અને પ્રાચીન કાયદા ઘડનારા લોકોને નામે આણ દીધી હતી ત્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનો તો હજુ જન્મ પણ થયો નહોતો અને બંડ પોકારવાનું કે વિદ્રોહ કરવા હાકલ કરવાની કોઈની હિંમત પણ ચાલતી નહોતી. રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલાં અખબારોની સંખ્યા જૂજ હતી અને સંદેશવ્યવહારનાં સાધનો પણ ઓછાં હતાં. ખ્રિસ્તી પાદરીઓની ધર્મવટાળ પ્રવૃત્તિની નાગચૂડ દૂર-સુદૂર સુધી પથરાયેલી હતી અને પ્રાચીન સંસ્કૃતિના તમામ અવશેષો અલોપ થવા લાગ્યા હતી. આથી, સ્વાભાવિક રીતે જ, વેદોનું અધ્યયન કરવાથી, યુવાન પેઢીના મન દુષિત કરતી વર્ણસંકર સંસ્કૃતિનો પ્રભાવ અટકી ગયો. દયાનંદે ફરીથી વેદોની પ્રતિષ્ઠા વધારવા અને વૈદિક આદર્શોને અનુરૂપ જીવન ઘડતર કરવાની આપેલી સલાહ સર્વથા સમયોચિત જ હતી.

દયાનંદ જે યુગમાં જીવી ગયા એની સ્વાભાવિક અસર તેમની દેશદાઝની ભાવના ઉપર પણ થઈ. તેઓ એક એવા રાષ્ટ્રનું સ્વપ્ન નીહાળી રહ્યા હતા જેમાં અલગ અલગ ધર્મો અને સંપ્રદાયનું સહઅસ્તિત્વ હોય. સામસામી મોરચાબંધી કરતા સંપ્રદાયનું તાદૃશ ચિત્ર જોઈને તેમને ખેદ થતો હતો. આથી તેમણે ભિન્ન ભિન્ન કોમોને નિકટ લાવવાની જરૂર ઉપર ભાર મૂક્યો. આ માટે તેઓની સદ્‌વૃત્તિ ઢંઢોળવાની હતી અને સમજશક્તિને આધારે એકબીજાના વિચારો તેઓએ સાંભળવાની જરૂર હતી. આના અનુસંધાનમાં દિલ્હીમાં તેમણે સર્વધર્મ સંમેલન સમક્ષ રજૂ કરેલી કેટલીક દરખાસ્તોનું સ્મરણ થઈ આવે છે. તેમાં તેમણે જુદા જુદા ધર્મોમાંથી સત્ય તારવવાનો પ્રયાસ કર્યો હતો. તેઓ તમામ ધર્મોને દેશની પ્રગતિ કાજે સંગઠિત બનાવવાનો આગ્રહ કરતા હતા. પરંતુ સંમેલનમાં ભાગ લેવા આવેલા પંડિતો અને વિદ્વાનો આપસમાં એકમેક તરફ શંકાની નજરે જોતા હતા અને પોતાની જીદમાં તેઓ નમતું મૂકતા નહોતા, પરિણામે સદ્‌ભાવ અને સમાધાન માટેના પ્રયાસો પડી ભાંગ્યા.

વિજ્ઞાનયુગમાં આજે પણ આપણો ઉચ્ચ બૌદ્ધિક વર્ગ સંપ્રદાયોના જાળામાં ફસાયેલો જોઈએ છીએ ત્યારે ભૂતકાળની શું પરીસ્થિતિ હશે તેની ફક્ત કલ્પના જ કરવી રહી. આવે સમયે "વેદ તરફ પાછા વળો" એવું મહર્ષિ દયાનંદનું સુત્ર ખરેખર સમાજના સુખ શાંતિ લાવી શકશે.

દયાનંદ ટાઈમ્સ

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી પાક્ષિક.

શુભેચ્છક વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૪.
ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧

# હિમાલયથી નિકળેલી ભાગીરથીની જેમ દયાનંદી ગંગા ભારતના ખૂણે-ખૂણાંમાં વહીને દુઃખીઓના આંસૂ સમેટવા લાગી

ભારત દેશમાં અનેક મહાપુરુષોએ જન્મ લીધા. અનેક ધર્મ પ્રચારકો, અનેક સુધારકો આ ભૂમિ પર અવતરિત થયા. ક્યાંક મર્યાદા પાલક શ્રીરામ છે તો ક્યાંક યોગેશ્વર રાષ્ટ્રરક્ષક શ્રીકૃષ્ણ. ક્યાંક સ્વાભિમાની મહારાણા પ્રતાપ છે, તો ક્યાંક કુટનીતિજ્ઞ અને ભારતીય ધ્વજ-રક્ષક શિવાજી. પરંતુ થોડા સમય પછી મહાપુરુષોની આ શ્રૃખંલા તૂટવા લાગી. અંગ્રેજોએ વિલાસિતાનું ઝેર ધોળીને, પ્રાશ્ચાત્ય શિક્ષા પિવડાવી મર્યાદા, રાષ્ટ્રભક્તિ તથા સ્વાભિમાનની આ શ્રૃંખલાને બંધ કરી દીધી. આ શ્રૃંખલાનો વિકાસ રોકાઈ ગયો.

એટલામાં ગુજરાતથી આ શ્રૃંખલાની કડી બનવાની ઈચ્છાથી ગુરુ વિરજાનંદજી પાસે એક નવ યુવક પહોંચી ગયો. ગુરુવર વિરજાનંદ રૂપી પારસમણીએ અડતાની સાથે જ આ લોખંડરૂપી માનવને સોનાનો બનાવી દીધો. આ સોનું તપસ્યાની ભટ્ટીમાં સળગીને, કુંદન બનીને, તે વર્ષો પુરાણી સોનાની શ્રૃંખલા સાથે જોડાઈ ગયું. આ શ્રૃંખલા પુનઃ આગળ વધવા લાગી, તે શ્રૃંખલાનો પુર્નવિકાસ પ્રારંભ થયો. મહર્ષિદયાનંદરૂપી આ કડીના માધ્યમથી ફરી કયાંક પાશ્ચાત્ય શિક્ષા પ્રણાલીને જડબાતોડ જવાબ દેવાવાળા શ્રદ્ધાનંદ જન્મ્યા, તો ક્યાંક પોતાની મેધાથી મોટા-મોટા વૈજ્ઞાનિકોને હચમચાવી દેનાર ગુરુદત્ત વિદ્યાર્થી. ક્યાંક તેમની પિસ્તોલથી સ્વપ્નમાં અંગ્રેજોને ડરાવવાવાળા ચંદ્રશેખર પેદા થયા, તો ક્યાંક હસતાં-હસતાં ફાંસી પર લટકી જવાવાળા બિસ્મિલ. કાલ સુધી "પગની જૂતી" ગણાતી નારીઓમાંથી ક્યાંક લક્ષ્મીની તલવાર ચમકી, તો ક્યાંક દુર્ગાનું સ્વાભિમાન. પરંતુ આ બધાં મહાપુરુષોને પ્રેરણા કોણે આપી ? કોણે પર્દામાં છુપાયેલી નારીઓને 'સિંહાસની બનાવી' ? તે કઈ કડી હતી જેને પોતાની સાથે જોડીને ભારતીય મહાપુરુષોની આ શ્રૃંખલાએ પોતાને ધન્ય સમજ્યાં ? તે કયા લેખક હતા જેણે ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો અધ્યાય લખવાનો પ્રારંભ કર્યો ? આ બધાં જ પ્રશ્નોનો એક જ માત્ર ઉત્તર છે - સ્વામી ગુરુવર દયાનંદ.

ભલે મારા દયાનંદ રામ અને કૃષ્ણ પછી આ ધરા પર આવ્યા હોય, પરંતુ પોતાના કર્મોના કારણે, તે રામ તથા શ્રીકૃષ્ણથી પણ મહાન થઈ ગયા. જ્યારે રામનો જન્મ થયો, ત્યારે તો સમય જ મર્યાદાઓનો હતો. ત્યારે રામે મર્યાદાનું પાલન કર્યું તો શું વિશેષ કર્યું? કૃષ્ણનો યુગ પણ નીતિકારોનો યુગ હતો, રાષ્ટ્ર-ભાવનાનો આજે છે તેટલો લોપ થયો ન હતો, એ સમયે શ્રીકૃષ્ણએ કુટનીતિપૂર્વક રાષ્ટ્રરક્ષણ કર્યું, તો શું અધિક વિશેષ કર્યું ? પરંતુ દયાનંદનો સમય તો ઘોર કળયુગનો હતો. અંધકાર, અજ્ઞાનનો સમય હતો. સર્વત્ર કોલાહલ હતો. ઉપવનના રક્ષક એવા માળી જ ઉપવનને નષ્ટ કરી રહ્યા હતાં. ભમરા ફૂલોથી ઘૃણા કરવા લાગ્યા હતાં. વૃક્ષોએ પથિકોને આશ્રય આપવાનું છોડી દીધું હતું, બધાં જ સ્વાર્થમાં તત્પર થઈ ગયા હતા. રાષ્ટ્રીયતાનો વિનાશ કરવાવાળી આંધીઓ ચાલી રહી હતી. સંસ્કૃતિનો વિનાશ કરવાવાળી સુનામી લહેરો ઉઠી રહી હતી. ભારતીય સભ્યતાને પાશ્ચાત્યનો રાહુ ડંખવા લાગ્યો હતો. ભારતીય યુવકોના સ્વચ્છ મસ્તિષ્કને દૂષિત કરવા માટે પાશ્ચાત્યની દૂષિત શિક્ષણ પ્રથા ફેલાઈ રહી હતી.

તે પાપમય સમયમાં પતિતોના ઉદ્ધાર હેતુ એક ગંગા પ્રવાહિત થઈ. તે જ્ઞાનની ગંગામાં જે-જે નાહ્યા તે તેના બનીને રહી ગયા. હિમાલયથી નિકળેલી ભાગીરથીની જેમ દયાનંદી

## અસલી રાષ્ટ્રપિતા

લેખક : બ્ર. જોરાવર આર્ય, હરિયાણા — અનુ. : નીતા રાણા

ગંગા ભારતનાં ખૂણો-ખૂણામાં વહીને દુઃખીઓના આંસૂ સમેટવા લાગી. અજ્ઞાન અંધકારમાં વળી રહેલા ભારતીય પુત્રોને દયાનંદે જ્ઞાનની એવી શીતળ રોશની દીધી કે ચંદ્રમાં પણ તેનાથી ઈર્ષ્યા કરવા લાગ્યા. હે ચંદ્રમાં ! તું શું મુકાબલો કરીશ આ દયાનંદના ચરિત્રનો, મેં તારા શ્વેત મુખ પર પણ ધબ્બો જોયો છે, પણ મારા દયાનંદના ચરિત્ર પર કોઈ એક કાળો તલ ન જોઈ શક્યા. એ સૂર્ય ! કર ઈર્ષા દયાનંદની ! અરે તારા રક્તવર્ણી તેજ પર પણ કાલિમા દેખાઈ ગઈ, પરંતુ મારા દયાનંદના ઉજ્જવળ તેજમાં, તેની રોશનીમાં કોઈ તલભર પણ કાલિમાં જોવાનું સાહસ ન કરી શક્યું.

તેમના ધૈર્યથી પર્વતને ઈર્ષા થવા લાગી હતી, તેમની ક્ષમાને સહનશીલ પૃથ્વી સહી ન શકી, તેમની ગંભીરતા જોઈને સમુદ્રમાં પણ લેહેરો ઉઠવા લાગી હતી. તેમની દૂર-દૂર સુધી ફેલાયેલી સુગંધથી પૂષ્પોને પણ બળતરા થવા લાગી હતી. તેમના પતિત-પાવની જ્ઞાન ગંગાના ચરણોમાં ગંગાએ પણ પોતાની લહેરો સર્મપિત કરી. તેનું શું વર્ણન કરું ?

તેનું વર્ણન સાભળવું હોય તો સાંભળો; આ ધરતીને, પૂછો

> ➩ મહર્ષિદયાનંદરૂપી આ કડીના માધ્યમથી ફરી કયાંક પાશ્ચાત્ય શિક્ષા પ્રણાલીને જડબાતોડ જવાબ દેવાવાળા શ્રદ્ધાનંદ જન્મ્યા, તો ક્યાંક પોતાની મેધાથી મોટા-મોટા વૈજ્ઞાનિકોને હચમચાવી દેનાર ગુરુદત્ત વિદ્યાર્થી.

આ માટીને કે હે માં ! નવસો વર્ષથી બંધાયેલી ગુલામીની જંજીરોમાંથી કોણે તેને મુક્તિ અપાવી ? કોણે પતિત સમજવાવાળા તારા પુત્રોને ગળે લગાવ્યા ? કોણે દીન-દુઃખીઓના આંસુઓને પોતાની પલકોથી ઉઠાવ્યા ? કોણે સતી થવાવાળી તારી પુત્રીઓને પુર્નજીવન આપ્યું ? કોણે પતિ-વિયોગમાં દમ તોડવાવાળી તારી પુત્રીઓના જીવનમાં ફરી વસંતની બહાર ભરી દીધી. હે માં ! તે કોણ હતા તેના આવવાથી તારું ગૌરવ વધ્યું ? જેના કારણે ભારત ફરી વિકાસની રાહ પર ચાલવા લાગ્યું ? તે કોણ હતું માં ? તેનું વ્યક્તિત્વ કેવું હતું ?

માં ભારતી રોતા-રોતા કહેશે "હે પુત્રો તેનું વર્ણન હું પણ નથી કરી શકતી. એ તો મારાથી પણ મહાન હતાં. જ્યારે મારા પર વધારે અત્યાચાર થાય છે ત્યારે હું પણ ડોલી ઉઠું છું, ક્યારેક હું ફાટી પણ જઉ છું, પરંતુ તેમણે તો ઝેર પીવડાવનારને પણ અમૃત પીવડાવ્યું, તેમણે તો વિષધર ફેંકવાવાળાને પણ જીવન આપ્યું, તેમણે તો ઈંટ તેમજ પથ્થર ફેંકનારને મિઠાઈઓ આપી. તેનું હું શું વર્ણન કરું."

તેઓ દયાની મૂર્તી હતા, આનંદના સાગર હતા. તેઓ તો શીતકાલીન નદીના પાણીની જેમ નિર્મળ હતાં. સરકાર દ્વારા ચલાવવામાં આવતું 'સર્વશિક્ષા અભિયાન' તો 'યથેમાં વાચ' કલ્યાણીનો પવિત્ર વેદ સંદેશ સંભળાવીને દયાનંદે તેનો એક શતાબ્દી પહેલા આરંભ કરી દીધો હતો. "સ્ત્રી હી બ્રહ્મ બભૂવિથ" ના સંદેશથી મહિલાઓના આજના ૩૩ ટકા અનામતને દયાનંદે પહલાં જ ૧૦૦ ટકા આરક્ષિત કર્યો હતો. કહેવામાં આવે છે કે દીન-દુઃખીયાઓના આંસુ જ્યાં પડે છે તે ધરા ડોલી ઉઠે છે, તેનો વિનાશ થવા લાગે છે એટલા માટે દયાનંદે દરેક દુઃખીના આંસુઓ નીચે પોતાની અંજલિ કરી હતી અને તે આંસુઓને અજ્ઞાન, અન્યાય તથા પાખંડના વનને બાળે તેવો દાવનળ બનાવી દીધો.

મહર્ષિ દયાનંદે જ તો સ્વામી શ્રદ્ધાનંદ જેવા ક્રાંતિકારી વ્યક્તિનું નિર્માણ કર્યું કે જેમણે "શુદ્ધિ આંદોલન" ચલાવીને છુટા પડેલાને એક કર્યા. તેમણે જ તો રાષ્ટ્રને એવા પુત્રો આપ્યા જેનાથી દરેક આતતાયી, અન્યાયી, અત્યાચારીનો નાશ થયો. એટલા માટે તો તે તેઓ ભારતના વાસ્તવિક રાષ્ટ્રપિતા હતા.

ભારતનાં ભૂ-મંડળ પર જ્યારે અજ્ઞાનની કાલિમાં ફેલાઈ,
ન હતો ભણવાનો અધિકાર શુદ્રને,
છૂટા પડી રહ્યા હતાં ભાઈ-ભાઈ.
રાષ્ટ્રના પુનરુદ્ધાર માટે તે સમયે દયાનંદી કિરણો આવી.
આકાશ ફરીથી નાચી ઉઠ્યું અને ધરતીએ ફરી અંગડાઈ લીધી.

તેને હું ક્યાં-ક્યાં જોવું ? દરેક મોર્ચા પર તે તો લડ્યા. રાષ્ટ્રને જીવતા તો તેમણે જ શિખવાડ્યું. સુપ્ત પડેલા આત્મવિશ્વાસને અને સુતેલી ચેતનાને તેમણે જ જાગૃત કરી. તે સૂર્યના તેજ સમા દયાનંદ સમક્ષ કોઈ ન ઉભુ રહી શક્યું. મોટી-મોટી મુશ્કેલીઓ પણ તેમને રોકી ના શકી. તે તો એક આંધી હતી કે જેના ભયથી સંસાર કાંપ્યો હતો. યુરોપના એક લેખકે લખ્યું હતું "પૂર્વમાંથી એક ભયાનક આંધી ઉઠી રહી છે, તે ભારતમાંથી બ્રિટિશ સામ્રાજ્યને સમાપ્ત કરી, સંસારમાંથી કુનીતિઓ અને પાખંડનો નાશ કરીને, એક નવા સમાજનું સર્જન કરશે." તેને કોઈ રોકી ના શક્યું, તેને કોઈ નષ્ટ ન કરી શક્યું, તે મૃત્યુ પછી પણ અમર થઈ ગયા. તે મર્યા જ ક્યાં ? પ્રત્યેક દેશભક્તના હૃદયની જ્વાળામાં દયાનંદ છે, દરેક કવિના સ્વરમાં દયાનંદ છે, દરેક લેખકના લેખમાં દયાનંદ છે, દરેક સત્યવક્તાની વાણીમાં દયાનંદ છે, દરેક વિચારકના ચિંતનમાં દયાનંદ છે, દરેક ખેડૂતના પરસેવામાં દયાનંદ છે, તે તો આપણા હૃદયમાં જીવિત છે, તે તો ભારતની માટીના કણ-કણમાં જીવિત છે, તે ના મરી શકે. તેમનું મૃત્યુ તો ત્યારે જ થશે, જ્યારે આપણે તેમનાં બતાવેલા માર્ગ પર ચાલવાનું છોડી દઈશું. પણ યાદ રાખો જે દિવસે એવું થશે, તે દિવસ ભારતના અસ્તિત્વનો અંતિમ દિવસ હશે. તે ભારત ભાગ્ય-વિધાતા, રાષ્ટ્રપુરુષ, ગુરુવર દયાનંદને મારા શત-શત નમન.

# મહાન ક્રાંતિકારી દયાનંદે વિધવાને સતી થતા બચાવી એને પુનઃ વિવાહનો અધિકાર આપ્યો

## સુરજ ગુજરાતનો મહર્ષિ દયાનંદ

-જશવિદ્યા સોમપુરા

મનુષ્ય સ્વભાવ અત્યંત વશિષ્ટ ગુણો ધરાવે છે અને વિચિત્ર પણ છે. સંસારમાં અનેક મહાન પુરુષો થઈ ગયા પણ તેમની હયાતીમાં તેમની સાચી કિંમત આંકવાની આપણા સમાજમાં વિવેકબુદ્ધિ નથી. પરિણામે જીવનમાં ઘણીવાર વિદ્વાન, ચિંતનશીલ વ્યક્તીને અન્યાય થાય છે. તેમના મૃત્યુ પછી આપણને આંચકો લાગે છે આ શું થઈ ગયું ? અને પછી તેમની સાચી કિંમત આંકવાનો અવસર મળે છે. ઈતિહાસના પાના ફેરવીને જોઈશું તો આવા અનેક મહાન પુરુષોના ઉદાહરણ મળશે. પણ આજે વાત કરવી છે સ્વામી દયાનંદ સરસ્વતીની

૧૯મી સદીનો ભારતીય સમાજ જર્જરિત અને રોગગ્રસ્ત બની ગયો હતો. આ અંધકાર યુગીન ભારતના નવજાગરણના પ્રભાતના સંદેશાવાહક બનીને ગુરુ વિરજાનંદની દક્ષિણારૂપે દયાનંદ સરસ્વતી આવ્યા હતા. તેમના વિષયમાં પણ કંઈક આવું જ બન્યું છે. તેમની હયાતીમાં તેમનો સખત વિરોધ થયો. પૌરાણિકોએ તેમને નાસ્તિક કરાવ્યા કેટલાકે તેમને ધર્મના દુશ્મન કહ્યા, કોઈએ ગાળોનો વરસાદ વરસાવ્યો અને કેટલાકે ઈંટ-પથ્થરોની ભેંટ આપી. તેમની જાહેર જીંદગીના પ્રભાવથી ઝેરથી પ્રાણ લીધાની છેલ્લી સંધ્યા ઘડી સુધી એ એકલા એક અખંડ સામ્રાજ્યના પ્રચારક સન્યાસીને અન્યાય અને ઘોર અન્યાય જ ભારતભરમાંથી મળ્યો. પણ જીવનભર ઘોર તપ તપેલો એ યુગ પ્રવર્તક સંન્યાસી પોતાના જીવનને એવું વીજ શક્તિશાળી જોરદાર બનાવી ગયો કે તેમના મૃત્યું પછી તેઓના અનેક કાર્યો એવા વેગથી ચાલ્યા કે આજનો ભારતનો યુવાન એ ઋષિના સત્કર્મી નામ ઉપર કૃતજ્ઞતાથી અશ્રુઅંજલીઓ આપતો અને પોતાના પૂર્વજોએ કરેલા પાપનું પ્રાયશ્ચિત કરતો અનુભવાય છે. અને હા એ જ ઋષિના તણથી પ્રભાવિત થઈ તેમના મૃત્યુ-પ્રસંગમાંથી નવજીવનના સંદેશાઓ વીણી-વીણી પોતાના ભાવિ માર્ગ ઘડતો નજરે પડે છે. ઋષિના ચરણાવિંદને અનુસરવા આતુર દેખાય છે. દરેક દિશામાં -ધર્મ શું ? સમાજ શું ? રાજકારણ શું ? વસુધૈવકુટુંબ શું ? ઋષિને અનુસરવા તૈયાર ઉભેલા દેખાય છે. જનતાને મૂર્તિપૂજાથી મુક્ત કરવા ઋષિએ અનેક ઉપદેશો આપ્યા હતા પણ તેમાં બાધક બનનાર પૌરાણિકોના વારસદારો એ જ પથ્થરોને આજે ગંગા-યમુનામાં પધરાવી રહ્યા છે. ભારતના ધર્મ પડદા પર ચમત્કાર, પ્રપંચ, પાખંડ, પિંડદાન, તર્પણના શાસન હવે ઝાંખા દેખાવા લાગ્યા છે. માત્ર નામનાં જ ધર્મગુરુઓના ધતિંગો જે દયાનંદે કડવી વાણીથી બતાવેલા તેના કરતાં હજાર ગણા વધુ તીવ્ર અને અસહ્ય કટુ ધતિંગો આજે ચારેકોર ઉઘાડાં પડી રહ્યા છે.

મહાભારતના યુદ્ધ પછી સૌ પ્રથમ વેદાધ્યયનનો અધિકાર સ્ત્રીઓને આપનાર સ્વામી દયાનંદ સરસ્વતી હતાં જ્યાં જ્યાં મહર્ષિ દયાનંદ સરસ્વતી રચિત 'સત્યાર્થ પ્રકાશ', 'સંસ્કાર વિધિ' અને જીવન ચરિત્રના ગ્રંથો જેવા આર્યસમાજ પહોંચ્યા. ત્યાં ત્યાં સ્ત્રીઓમાં વૈદિક ગરિમા પાછી આવી. મહાન ક્રાંતિકારી દયાનંદે વિધવાને સતી થતા બચાવી એને પુનઃ વિવાહનો અધિકાર આપ્યો. આ કાર્યોથી ઋષિનો સંકેત હતો કે સ્ત્રી, ગાર્ગી, મદાલસા, રાજી ઝાંસી બને. સ્ત્રીઓની તેમણે કરેલી વકીલાત આજે પુષ્પિત થઈ રહી છે. વર્ણાશ્રમ ધર્મના ઉચ્છેદકને જ આજનો હિંદુ ચાર્તુવર્ણ્યનો સુયોગ્ય રક્ષક માની તેમના અદ્રશ્ય ચરણમાં ભક્તિભાવથી માથું નમાવે છે.

સર્વ રોગોની રામબાણ મહા ઔષધિ બ્રહ્મચર્યના પડઘમ આ દેશમાં જ નહિં વિશ્વભરમાં ઉદ્ઘોષિત થઈ રહ્યો છે. પૌરાણિકોના અજેય દુર્ગ કાશીધામમાં આજે શુદ્ધિના પગરણ મંડાયા છે. સંપૂર્ણ ભારત આજે દયાનંદને અનેક પ્રકારે પહેલા અન્યાય કરેલ, નિંદા કરેલ છતાં અસ્પૃશ્યતાનું ધર્મ-મહાન પાપ ટાળવા પ્રતિજ્ઞા લઈ રહ્યો છે. વૈદિક ધર્મનો પ્રચાર પ્રસાર પૂર જોશમાં થઈ રહ્યો છે. જે સમાજે સદી પહેલાં જે સિદ્ધાંતો માટે તેમને અન્યાય કર્યો તે જ સિદ્ધાંતો આજે સમગ્ર દેશ સ્વીકારે છે. એ વાત તે ધર્મવીર, ધર્મોધ્ધારક, મહાત્માનું શ્રેષ્ઠ માહાત્મ્ય સૂચવે છે. આખી જીંદગીના અભ્યાસરૂપે તેમણે જે સમાજમાંથી જે સત્ય પ્રાપ્ત કર્યું હતું તે જ તે સમાજને સાચવીને જાળવીને પાછું આપ્યું છે.

પોંડિચેરીના યોગીરાજ અરવિંદે કહ્યું હતું કે, સંસાર કે મહાપુરુષો કો પહાડ કી ચોંટિયા માના જાય તો દયાનંદ સબસે ઉંચી ચોટી હૈ.

# સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ મહર્ષિ દયાનંદની દેણ છે




મહર્ષિ દયાનંદજી સ્વયં રાજનીતિજ્ઞ નહોતા, છતાં પણ તેમણે રાજનૈતિક ક્ષેત્ર પર પ્રબળ તેમજ ગહન દૃષ્ટિકોણ પ્રસ્તુત કર્યો છે. મૂલતઃ મહર્ષિ દયાનંદ એક આધ્યાત્મિક પુરુષ હતા. તેમણે માનવીય જીવનના ભૌતિક પાસાને પોતાની દૃષ્ટિથી પર નથી રાખ્યો. માનવીય જીવનનું કોઈપણ પાસું તેમણે તેમના ઉદેશથી અછૂત રાખ્યું નથી. તેમનો ઉદેશ્ય સંપૂર્ણ માનવઅસ્તિત્વને સર્વવિદ્યમાન તથા સર્વશક્તિમાન આધ્યાત્મિક સત્તાના માર્ગદર્શન તળે લાવવાનો હતો. સંભવતઃ આથી જ તેમણે સ્વયંને કદીપણ ગુરુના સ્થાન પર સ્થાપિત થવાનો સ્વીકાર ન કર્યો અને કેવળ મિત્ર તેમજ માર્ગદર્શક જ બન્યા રહેવાનું પસંદ કર્યું.

મહર્ષિજી મૂલતઃ માનવતાવાદી હતા. તેમના રાજનૈતિક વિચારો અને સિદ્ધાંતોએ બધાનું ધ્યાન રાષ્ટ્રવાદની એક નવી અવધારણા તરફ દોર્યું. આધુનિક યુગમાં 'રાષ્ટ્રવાદ' કેવળમાત્ર એક રાજનીતિક શબ્દ છે જેનો અર્થ દેશની સીમાઓની અંદર રહેનારા નાગરિકોનું કલ્યાણ કરવાનું છે. મારા વિચારમાં આને કેવળ 'ક્ષેત્રીય રાષ્ટ્રવાદ' કહેવું ઉચિત રહેશે.

આપણે એ સ્વીકાર કરવામાં સંકોચ ન કરવો જોઈએ કે ભારતનો એક ભાગ રાષ્ટ્રના રુપમાં અંગ્રેજોના વધતા જતા અત્યાચારો અને અમાનવીય કૃત્યોના કારણે પરિવર્તિત થયો. બીજી તરફ અંગ્રેજી પ્રશાસને આપણા દેશના વિભિન્ન ભાગોને રેલ્વે, સંચાર માધ્યમો, એકસમાન કાનૂન તથા પ્રશાસનિક એકરુપતાના આધાર પર એક દૃેશ બનાવવાની સારી ભૂમિકા ભજવી. અંગ્રેજી શાસનના અત્યાચારી કદમો વધવાની સાથોસાથ રાજનીતિક ક્ષેત્રીય રાષ્ટ્રવાદની ભાવના પણ ઉભરાવા લાગી.

તથ્યોના આધાર પર ૧૮૫૭ ને સ્વતંત્રતાની પ્રથમ લડાઈ માની શકાય છે. પરંતુ ઈતિહાસનો એ સમય હતો જ્યારે મહર્ષિ દયાનંદ ભારતના વિવિધ ભાગોમાં રાજાઓ, રજવાડાઓ, સૈનિક બળ તથા સામાન્ય જનશક્તિને વિદેશી શાસનની વિરુદ્ધ ઉભો કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. ૧૮૭૩-૭૪ માં મહર્ષિજીએ સ્વરાજય અર્થાત દેશ પર મૂળ નાગરિકોના શાસનની અભિલાષા વ્યક્ત કરી હતી અને તેમણે એક રાજનૈતિક રાષ્ટ્રવાદને જન્મ આપ્યો. નિઃસંદેહ આ રાષ્ટ્રવાદનો મૂળ આધાર સાંસ્કૃતિક તત્વો જ હતા.

સ્વામી દયાનંદજીએ લોકોને એ વિચારવા અને ગૌરવાન્વિત થવા માટે પ્રેરિત કર્યા કે તેઓનો સંબંધ વૈદિક સંસ્કૃતિ સાથે છે જેની અવધારણા સાર્વભૌમિક પ્રેમ તથા આંતરરાષ્ટ્રીય ભાઈચારા પર કેન્દ્રિત છે. સ્વામીજીનો ઉદેશ્ય વેદોના 'સેલ્સમેન' બનવાનો નહીં, પરંતુ તેમનામાં વૈદિક સિદ્ધાંતોને માનવતાના ઉત્થાન માટે પ્રસારિત કરવાની અદમ્ય ઈચ્છા હતી. આથી સ્વામીજીએ વિકાર રહિત મૂળ "વૈદિક સંસ્કૃતિ" તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું. દુનિયાના સમસ્ત મહાપુરુષો પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરતા હું એ કહેવા ઈચ્છું છું કે સમસ્ત શુભ તેમજ કલ્યાણકારી વિચારો હોવા છતાં પણ કોઈપણ સુધારકે કે વિકાર ઉન્મૂલન માટે યુદ્ધ સ્તરે પ્રયાસ કર્યો નથી જે મહર્ષિએ કર્યો હતો.

સ્વામીજીનો દૃષ્ટિકોણ સૂક્ષ્મ હતો. આથી તેમણે સાંસ્કૃતિક વિચારોને રાષ્ટ્રવાદનો પ્રમુખ આધાર બનાવ્યો, જેને આપણે 'સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ' કહી શકીએ. સ્વામીજીને રાષ્ટ્ર પ્રત્યે અપાર પ્રેમ હતો, પરંતુ અન્ય રાષ્ટ્રો પ્રત્યે બિલકુલ દુર્ભાવના નહોતી. સ્વામીજી દરેક ભારતીય વસ્તુ કે સિદ્ધાંતનું સમર્થન કર્યું નથી અને દરેક વિદેશી વસ્તુ કે સિદ્ધાંતનો વિરોધ કર્યો નથી. તેમણે તો કેવળ ગુણો અવગુણોના આધાર પર સિદ્ધાંતોને અલગ કર્યા અને આ જ આધાર પર મંતવ્યોને શ્રેષ્ઠ છે કે નિકૃષ્ટ અર્થાત આર્ય છે કે અનાર્ય એ બેમાં વિભક્ત કર્યા.

મહર્ષિજીએ સાર્વભૌમિક "સવુધૈવ કુટુમ્બકમ્" ની નીતિના આધાર પર હિંદુઓની ક્ષતિઓને ઉજાગર કરી અને બિનભારતીય મત અને મંથોમાં રહેલ ઉણપોને પ્રકાશિત કરી, સુધાર માટે પ્રેરિત કર્યા. આ આશયની સ્પષ્ટ ઘોષણા તેમણે 'સત્યાર્થ પ્રકાશ' ગ્રંથમાં કરી છે. 'સત્યાર્થ પ્રકાશ' મહર્ષિ દયાનંદ સરસ્વતીનો એક અનુપમ અમર ગ્રંથ છે જેના આધાર પર સમગ્ર માનવસૃષ્ટિનો ધાર્મિક, સામાજીક, રાજનૈતિક તથા આધ્યાત્મિક ઉત્થાન વિધિવતરુપે સંભવ છે. સ્વામીજીના વિચારો સમજતા પહેલા સ્વયંને પક્ષપાત રહિત બનાવવું જરુરી છે. ભૌતિકવાદનો વધતો જતો પ્રભાવ તથા સામાજીક બુરાઈઓની ફેલાતી જતી જાળને કેવળ સ્વામી દયાનંદના વિચારરુપી દાંતો કાપી શકે એમ છે. - સૂર્યદેવ

દયાનંદ ટાઈમ્સ (પાક્ષિક)

### ઉંદરોની શિવલીંગ પરની લીલા અને શિવજીની ચૂપકીદીએ મુળશંકરની આંખો ખોલી દીધી

# ...ને મહર્ષિ દયાનંદને મૂર્તિપૂજાની નિરર્થકતા સમજાઈ

આજથી ૧૭૬ વર્ષ પૂર્વેની આ સત્ય ઘટના છે. તે દિવસે મહાશિવરાત્રીનું પર્વ હતું. તે સમયમાં પણ આજની જેમ હિન્દુઓ ઉપવાસ કરી શિવની સ્તુતિ કરતા હતા. શિવધર્મમાં આસ્થા ધરાવતા ગુજરાત પ્રાન્તનાં મોરબી રાજ્યનાં ટંકારા ગામે શ્રી કરસનજી તેમનાં પુત્ર મૂળશંકરને કુળધર્મમાં પાવધરો કરવાની ખૂબ જ કાળજી રાખતા હતા. તેમનો પુત્ર મૂળશંકર કુળની પરંપરા અનુસાર પોતાના અને પૂર્વજોનાં પગલે ચાલી ચુસ્ત શૈવ તરીકે કુટુંબનો વારસો શોભાવે એવી તેમની અંતઃકરણપૂર્વકની ઈચ્છા હતી. આથી જ ઔદિચ્ય બ્રાહ્મણ એવા શ્રી કરસનજી ત્રવાડી પોતાનાં પૂત્ર મૂળશંકરને શિવાલયે સદા સાથે લઈ જવા લાગ્યા.

ઈ.સ. ૧૮૩૮ની વાત છે. ત્યારે મૂળશંકરની ઉંમર માંડ ચૌદ વર્ષની થઈ હતી. એ વર્ષે મહાશિવરાત્રીએ મૂળશંકરને સાથે લઈને તેમનાં પિતાજી શિવમંદિરે ગયા. પૂજાવિધિ આખી રાત ચાલવાની હતી તેમજ સૌ પુજારીઓએ જાગરણ પણ કરવાનું હતું. પરંતુ આખો દિવસ ઉપવાસ રાખીને થાકી ગયેલા મૂળશંકરનાં પિતા તથા તેમનાં સાથીઓ આખી રાતનું જાગરણ કરી શક્યા નહીં. ક્રમાનુસાર બધા નિદ્રાધીન થવા લાગ્યા પણ મનમાં શિવનો સાક્ષાત્કાર કરવાની અદમ્ય ઈચ્છા સાથે મહા મહિનાની એ અંધકારમયી રાત્રીએ સ્મશાનવત્ શાંત વાતાવરણમાં ઠંડીથી ધ્રુજતો અને શરીર સંકોડતો મૂળશંકર શિવાલયમાં ગુપચુપ બેઠો હતો. નિંદ્રાને દૂર કરવા તે વારંવાર વાસણમાં પાણી લઈ આંખે છાંટતો તથા થોડી થોડી વારે સંસ્કૃતનાં શ્લોક બોલતો.

શિવાલયમાં ઘીનો નાનો દિવો ટમ-ટમ બળતો હતો. આવા ઝાંખા પ્રકાશમાં રાત્રીનાં ત્રીજા પ્રહરે એકાએક મૂળશંકરની નજર શિવલિંગ ઉપર પડી. શિવલિંગ પાસે રાખેલી પ્રસાદીને ઉંદરો દ્વારા પ્રસન્નતાપૂર્વક આરોગાતી જોઈ મૂળશંકર તો સ્તબ્ધ જ બની ગયો. એટલું જ નહીં ત્યારબાદ તો ઉંદરોએ શિવલિંગ ઉપર સ્વચ્છંદતાપૂર્વક દોડાદોડ શરુ કરી. મૂળશંકરથી આ ન જોવાયું.

ત્રિશંકુ અવસ્થામાં મૂળશંકરે વિચાર કર્યો કે સમગ્ર વિશ્વનો પ્રલય કરવાના સામર્થ્ય ધરાવતા ભગવાન રુદ્ર આ પોતે? પરમ સામર્થ્યનાં પતિ શિવજી ઉપર આ ઉંદરો નાચ કરે ? તેમને ધરાવેલો પ્રસાદ ખાઈ જાય ? આમ, ઉંદરોની લીલા અને શિવજીની ચુપકીદી એ બંને વસ્તુનું તેના મનમાં કોઈ સમાધાન ન થઈ શક્યું. તેણે વ્રત તોડી નાખ્યું અને સાચા શિવને શોધવાનો વિચાર કરતો કરતો ઘરે પરત ફર્યો.

શિવરાત્રીના દિવસે કરેલ જાગરણ અને નિહાળેલ એક સામાન્ય ઘટનાથી આ બાળક સદાય માટે જાગી ગયો. સાચા શિવની ખોજ માટે ઉઠેલી તીવ્રત્તમ ઝંખનાએ બાળક મૂળશંકરને ગૃહત્યાગ કરવા પ્રેર્યો. પોતાની નાની બહેન અને પ્રિય કાકાનાં અચાનક કસમયનાં અવસાને જીવન અને મૃત્યુનાં રહસ્ય પર ચિંતન કરવા માટે મૂળશંકરને વિવશ કરી વૈરાગ્યવૃત્તિને વધુ પ્રબળ બનાવી. પિતાજીની અખૂટ સંપત્તિ અને વિવાહનો મોહ પણ તેમને રોકી ન શક્યા. સાચા ગુરુ અને સાચા જ્ઞાનની પ્રાપ્તિ માટે નદી-નાળાં, ગીચ જંગલો, પર્વતો, હિમશિખરો, આશ્રમો, કુટિરો સર્વ કંઈ ખૂંદી વળ્યા. કેટલાય દિવસો સુધી ભૂખ્યાં રહ્યાં, કેટલીય મુસીબતો અને કષ્ટો વેઠ્યાં, પગમાંથી લોહીની સેરો છૂટવા લાગી, શરીર પર તીક્ષ્ણ પત્થરો, ગીચ ઝાડી અને કાંટાઓના ઉઝરડા પડ્યા. પ્રતિકૂળ અવસ્થામાં પણ આ યુવાને કદી હાર ન માની. શરીર અને મનમાં અપ્રતિમ શક્તિ અને સાહસ વધતાં જ ગયા. શરીર કઠોર અને તેજોમય બન્યું. અથાગ પુરુષાર્થથી બુદ્ધિ તીક્ષ્ણ,




**શિવરાત્રીના દિવસે કરેલ જાગરણ અને નિહાળેલ એક સામાન્ય ઘટનાથી આ બાળક સદાય માટે જાગી ગયો.**

સૂક્ષ્મદર્શી બની. સતત ૧૪ વર્ષ સુધી સાચા શિવની પ્રાપ્તિ માટે સાચા ગુરુની શોધ ચાલુ રહી. તપસ્યાના માર્ગ પર અગ્રસર થતા વૈરાગ્યનાં સિમાચિન્હરુપ સ્વામી પૂર્ણાનંદ પાસે સન્યાસ ગ્રહણ કરી મહર્ષિ દયાનંદ સરસ્વતી બન્યાં. સ્વામી પૂર્ણાનંદે આ અત્યંત વૈરાગ્યવાન અને પ્રતિભાસંપન્ન યુવાનને પારખી તુરત મથુરામાં પ્રજ્ઞાચક્ષુ દંડી સ્વામી વિરજાનંદ સરસ્વતી પાસે મોકલી આપ્યો. અંતે પ્રજ્ઞાચક્ષુ ગુરુ વિરજાનંદ સાથે મથુરામાં મુલાકાત થઈ. ગુરુને પણ છેવટે સાચો શિષ્ય પ્રાપ્ત થયો. તેની અનન્ય ગુરુભક્તિ તથા અપ્રતિમ પ્રતિભા જોઈ ગુરુએ સર્વસ્વ વિદ્યાધન અર્પી દીધું.

સંસ્કૃત વ્યાકરણ, વેદ, વેદાંગો અને અન્ય વૈદિક શાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ, યોગાભ્યાસ અને કઠોર તપશ્ચર્યાના ફળસ્વરૂપ બ્રહ્માંડના કણેકણમાં વ્યાપ્ત અને સદાય હૃદયકમળમાં સ્થિત સાચા શિવનો સાક્ષાત્કાર કરવાની આર્ષ પરંપરા-ઋષિ પરંપરાનું પરિજ્ઞાન થયું. આ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ વિદાય વેળાએ ગુરુ દક્ષિણા લઈ દયાનંદ ગુરુ પાસે ઉપસ્થિત થયા. છેવટે ગુરુ વિરજાનંદે માંગેલ ગુરુ દક્ષિણા અનુસાર સંસારમાં ફેલાયેલ અંધવિશ્વાસ, અજ્ઞાન, પાખંડ, આડંબર દૂર કરવા અને વેદનો સર્વત્ર પ્રકાશ ફેલાવવા માટે પોતાનું જીવન સમર્પી દીધું. આ હેતુથી હરિદ્વારના કુંભમેળામાં પાંખડ-ખંડિની પતાકા ફરકાવી. અજ્ઞાન અને પાખંડની લીલાઓ ચાલુ રહે તે માટે તેમને મોટા મોટા પ્રલોભનો અપાયા પણ તેનો મહર્ષિજી ઉપર કોઈ પ્રભાવ ન પડ્યો. તેઓ અદમ્ય સાહસના પુંજ હતા. વેદ અને સત્યના પ્રકાશ માટે તેમણે ઈંટ-પત્થરો ખાધા, ઝેરનાં પ્યાલાં પીધા. એક તરફ આખો સંસાર હતો અને બીજી તરફ એકમાત્ર સાહસી અને વિલક્ષણ દયાનંદ હતા જે સત્ય અને બ્રહ્મચર્યના તેજ વડે સારાય ભૂમંડળમાં વેદનો શંખનાદ ફૂંકી ધૂમ મચાવી રહ્યાં હતા. દયાનંદ પોતાની અકાટ્ય તર્કશક્તિ, અગાધ જ્ઞાનરાશિ, અત્યંત પ્રભાવી બ્રહ્મચર્ય તેજ, તીક્ષ્ણ બુદ્ધિ પ્રતિભા અને અનેરા આત્મપ્રકાશપુંજ વડે શાસ્ત્રાર્થ કરી સર્વત્ર વિજય પતાકા લહેરાવી અધર્મ, વ્યાભિચાર, દુરાચાર, જડતા અને ગુરુડમના ડુંગરો ધરાશાયી કરતા જતા હતા. તેમણે ધર્મના નામ પર ચાલતાં પાખંડો, અંધવિશ્વાસ, પાપલીલાની જડોને હચમચાવી દીધી. ધર્મને પોથીઓ અને પાપીઓના કેદમાંથી મુક્ત કરી ક્રિયાત્મકતા તરફ વળાંક આપ્યો. લોકોમાં નિર્ભયપણે સ્વદેશપ્રેમ, સ્વતંત્રતા અને સંસ્કૃતિની ગરિમાનો મહિમા ગાયો. અછૂતોદ્ધાર, નારી ઉદ્ધાર, વિધવા વિવાહ, બાળશિક્ષા, વૈદિક સંસ્કાર, ગૌરક્ષા, આશ્રમવ્યવસ્થા, રાજવ્યવસ્થા, એક ઈશ્વરની વૈદિક ઉપાસના પધ્ધતિ અને સાચી પંચાયત પૂજા તેમણે પ્રસ્તુત કરી. વેદનું અધ્યયન માનવમાત્ર કરી શકે છે તેવી ઘોષણા કરી. સાયણ, મહીધર અને પ્રો. મેકસમૂલર દ્વારા થયેલ વેદના અનર્થકારી, બિભત્સ, રુઢીગત અને યાજ્ઞિક ભાષ્યોનો પર્દાફાશ કર્યો અને વેદોક્ત નિરુક્ત-નિઘંટુની યથાર્થ યૌગિક પદ્ધતિ દ્વારા વેદના ભાષ્યો કરી નવો રાહ ચીંધ્યો. વેદ અને તેમની વિચારધારાના પ્રચાર માટે તેમણે 'આર્ય સમાજ' નામની સંસ્થાની સ્થાપના કરી. સ્વામીજીએ વેદપ્રતિપાદિત અને ઋષિપ્રણાલિગત એક અનુપમ ગ્રંથ **'સત્યાર્થ પ્રકાશ'** રચ્યો. તેમાં સ્વામીજીએ ન્યાયપૂર્વક સમસ્ત સત્યના અર્થનો પ્રકાશ કર્યો. જે સત્ય છે તેને સત્ય અને જે અસત્ય છે તેને અસત્ય, પ્રમાણો દ્વારા પ્રતિપાદિત કર્યા. આ ગ્રંથમાં રહેલી તેમની સરળ, અકાટ્ય, હૃદયગ્રાહી અને વૈજ્ઞાનિક પદ્ધતિથી અનેકના જીવન પલટાયાં. આ અમર ગ્રંથના સ્વાધ્યાયથી કેટલાય લોકોનાં કાયાકલ્પ થઈ કુંદનસમાન ચમકી ઉઠયાં.

# આર્યસમાજ નડીઆદના નવા કાર્યાલયનો શુભારંભ

નડીઆદ શહેરમાં છેલ્લા ત્રણ વર્ષથી આર્યસમાજ નડીઆદ દ્વારા વિવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓ અલગ અલગ ૨ સ્થળોએ સ્થાન અભાવ હોવા છતાં અવિરતપણે ચાલુ રહેલ છે. સંસ્થાના પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટીના અથાગ પ્રયાસોના ફળસ્વરૂપે જાહેર જનતાની સેવા હેતુ આર્યસમાજ નડીઆદનું રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેન્ડ તેમજ માઈ મંદિર નજીકમાં ૩, રાજદીપ સોસાયટી, જલદર્શન ફ્લેટ, વૈશાલી સીનેમાની પાછળ, મુ. પો. નડીઆદ ખાતે કાર્યાલય શરૂ કરી દેવામાં આવ્યું છે. આ કાર્યાલયનો સમય સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ તથા બપોરે ૨:૦૦ થી ૫:૦૦ સુધીનો રહેશે. આર્યસમાજ નડીઆદ દ્વારા વૈદિક વિધિ અનુસાર લગ્ન, વાસ્તુ, મુંડન, નામકરણ, જનોઈ, યજ્ઞ વગેરે ૧૬ સંસ્કારો સંસ્થામાં તથા સંસ્થાની બહાર વાડી, હોલ, પાર્ટીપ્લોટ, નિવાસ સ્થાને પુરોહિત આવીને કરાવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સંસ્થામાં મીટીંગ, પ્રવચન, બેસણાં જેવા કાર્યક્રમો પણ યોજવાનું આયોજન છે, તો નડીઆદ શહેર તેમજ ખેડા જિલ્લાની જાહેર જનતાને આનો બહોળો લાભ લેવા આર્યસમાજ નડીઆદના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પં. દિનેશચંદ્ર આર્ય દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત આર્યસમાજ, નડીઆદના પ્રમુખ શ્રી દેવીન પટેલ તથા મેનેજીગ ટ્રસ્ટી પં. દિનેશચંદ્ર આર્ય તથા સમગ્ર ટ્રસ્ટી ગણ દ્વારા આર્યસમાજની વિવિધ પ્રવૃત્તિઓ કરવા માટે ભવન નિર્માણ માટે જમીનની શોધખોળ કરવાનું કામ પ્રગતિ ઉપર છે. જમીન સંપાદન થયેથી કાર્યાલય, વિશેષ યજ્ઞશાળા, સત્સંગ ભવન, અતિથિગૃહ, ભોજનાલય, વૈદિક પુસ્તકાલય, યોગ પ્રશિક્ષણ કેન્દ્ર, આયુર્વેદિક ઔષધાલય, વૈદિક ગુરુકુલ તેમજ બાળમંદિર, એમ્બ્યુલન્સ તથા અન્નક્ષેત્ર વગેરેનું નિર્માણ યથાશીઘ્ર આપ જેવા દાની મહાનુભાવોના સહયોગથી સંપન્ન કરવાનું ધ્યેય છે.

આ પુનિત કાર્યમાં સહયોગની રાશી ચેક/ડ્રાફ્ટ/રોકડા આર્યસમાજ, નડીઆદના ICICI Bank A/C No.026005002016 ના નામે મોકલવા આર્યસમાજ નડીઆદ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

### वैदिक विरांगना दल, जयपुर द्वारा

# स्वाइन फ्लू को खत्म करने के लिए विशेष हवन का आयोजन किया गया

### हवन में विशेष औषधियां और सुगंधित पदार्थों का उपयोग किया गया

जयपुर

वैदिक विरांगना दल, जयपुर के द्वारा गत ता. ३ फरवरी, २०१५ को दापहर ३ बजे से सायं ५ बजे तक बी-१२३, मालवीय नगर, जयपुर में स्वाइन फ्लू को खत्म करने के लिए एक विशेष हवन का आयोजन किया गया। इस हवन को श्री यशपाल यश जी द्वारा सम्पन्न कराया गया। वैदिक विरांगना दल की राष्ट्रीय अध्यक्षा कुमारी अनामिका शर्मा एवं संस्था की संरक्षिका श्रीमती दुर्गा शर्मा ने बताया है की इस हवन को कराने के लिए विशेष औषधियों का प्रयोग किया गया जैसे - गुगल, सास के बीज, नीलगिरी के पत्ते, देवदास का बुरादा, पीली सरसों, कछनार, सजीठ, गिलोई, नीम के पत्ते, सफेदा के पत्ते के अतिरिक्त कई तरह की औषधियां व सुगंधित सामान आदि ये हवन पूर्ण रुप से गाय के प्रयोग से सम्पन्न कराया गया।

संस्था की अध्यक्षा कुमारी अनामिका शर्माने बताया कि इस हवन की विशेषता यह है कि जिस स्थान पर ये हवन किया जाता है उस स्थान के आसपास ३०० से ४०० मीटर तक की दूरी पर स्वाइन फ्लू के जीवाणु नष्ट हो जाते है और ये वैज्ञानिक तौर प भी सही है। मालवीय नगयर, जयपुर के अधिकांश भाई-बहनों ने इस हवन का लाभ उठाया तथा हवन के प्रश्चात् अपनी अनुभूति में बताया कि उन्हें अब स्वस्थ और अच्छा महसूस हो रहा है। यह हवन आगे भी नियमित जारी रहेगा। इस संबंध में कोई भी व्यक्ति मोबाइल नंबर ०९८२९६६५२३१ पर संपर्क कर सकते है।





## Welcome to Divine Power Activation Academy

We assure you that, if your child is between age of 7 to 14, he/she will go home with extraordinary 6th sense power as well as enhanced concentration and understanding. And you will be surprised to know that this can be achieved within two days workshop. We have read and heard about enhanced power of five senses(Shabda, Sparsh, Roop, Ras and gandha) as well as the 6th sense which were achieved by our Yogis & Sages. These will be observed in your child at the conclusion of this workshop. You will be delighted to see your child indentifing colours with **closed eyes**. Some children can also read books immediately and some can read within few days practice at home.

### Do you want to see your child with following specific powers?

01. Enhanced concentration
02. Enhanced intelligence
03. Sharp memory
04. Improved grasping
05. Enhanced analysis power
06. Improved decision taking ability
07. High confidence
08. Control over emotions
09. Improved ability of co-ordination
10. Utilization of both left and right brain
11. Understanding brain as miraculous tool
12. Utilization of this miraculous tool to get what ever you want

**For more details contact**
094284 22286

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્


માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : હરીશ રાણાએ શ્રી રામપ્રિન્ટર્સ એન્ડ સ્ટેશનર્સ, પ્લોટ નં. ૩૨૭, અજંતા કોમ્પ્લેક્ષ, દેના બેંકની પાછળ, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં.૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧ જીલ્લો - ગાંધીનગર, ગુજરાત ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

PUBLISHER,OWNER,PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT SHREE RAM PRINTERS & STATIONERS, Plot No. 327, Ajanta Complex, B/h Dena Bank, Sector No. 16, Gandhinagar. PUBLISHED AT Plot No. 791/D/3, Panchsheel Park, Sector-21, Dist - Gandhinagar, Gujarat.